કેસ દાખલ થયા તા.18/05/2017
કેસ રજી.લીધા તા.18/05/2017
કેસ ફેંસલ થયા તા. 17/11/2018
સમયગાળો :– 1વર્ષ–5 માસ –29 દિવસ

## સુરેન્દ્રનગરના મહે. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ.

**જુવે. ક્રિમિનલ કેસ નંબર : ૩૦/૨૦૧૭**
આંક :– 33

ફરિયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

**કાયદાના સંઘર્ષમાં આવનાર .**

પ્રિન્સ ઉર્ફે પીન્ટુ રણછોડભાઈ રાઠોડ
ઉ.વ. ૧૭,
રહે. ધ્રાંUWા, જુની ખારવાડ, હરીપર રોડ,
ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર.

ગુનો : ઈ.પી.કો.કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા
જી.પી.એ.ક.૧૩૫ મુજબ.

..............................................................................................

**ફરીયાદ પક્ષ તરફે ... વિ.એ.પી.પી.શ્રી મધુબેન ઝાલા**
**કાયદાના સંઘર્ષમાં આવનાર તરફે ... વિ. વ.શ્રી આઈ.કે.શેખ.**

..................................................................

### –: ચુ કા દો :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંક માં હકીકત એવી છે કે, તારીખ ૦૭/૦૭/૨૦૧૬ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામા આ કામના આરોપીઓ આ કામના ફરીયાદીને અને આ કામના સાહેદ સાથે અગાઉ થયેલ ઝઘડાનું મનદુઃખ રાખી બોલાચાલી કરી ભુંડી ગાળો આપી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તથા અન્ય પુખ્ત વયના ત્રણ આરોપીઓ રણછોડભાઈ ડાયાભાઈ રાઠોડ, પંકજભાઈ તળશીભાઈ રાઠોડ અને ઉમેદભાઈ ડાયાભાઈ રાઠોડ સાથે બોલાચાલી કરી ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીને હાથમાં પાઈપ વડે ઘા કરતા ફરીયાદીના જમણા હાથે ઈજા કરી ફરીયાદીના ઘરના બારણા પર લાકડી વડે ઘા મારી નુકશાન કરી તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. ઉપરોકત હકિકતે કાયદા ના સંઘર્ષમાં આવનાર બાળક સામે ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ બોર્ડ સમક્ષ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ પોલીસ પી.એસ.ઓ.શ્રી ધ્રાંગધ્રા પો.સ્ટે. ખાતે રૂબરૂ નોંધાવતાં તે આધારે ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નંબર ૩૦૫૧/૨૦૧૬, તારીખ ૦૭/૦૭/૨૦૧૬ નાં રોજ ગુનો નોંધવામાં આવેલો. સદર ગુના ની તપાસ આ કામના તપાસ કરનાર અધિકારી ને

સોપવામાં આવતા તેઓએ જરુરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ મુદ્દામાલ કબજે કરી પુરતો પુરાવો મળી આવતા અત્રે બોર્ડ સમક્ષ કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૩) સદર કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ, સદર ગુના અન્વયે આંક–૨ થી તહોમતનામું ફરમાવી તે વાંચી સમજાવી તે લગત આંક–૩ થી જવાબ નોંધતાં કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકે ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે અને આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૪)

**મૌખિક પુરાવો**

| | |
|---|---|
| આંક–૦૬ | ફરીયાદી લીલાબેન ત્રિભોવનભાઈ રાઠોડ ની જુબાની. |
| આંક–૦૮ | સાહેદ રાધિકાબેન ત્રિભોવનભાઈ રાઠોડ ની જુબાની. |
| આંક–૧૧ | પંચ સાહેદ ગણપતભાઈ જેઠાભાઈ સોલંકી ની જુબાની. |
| આંક–૧૩ | પંચ સાહેદ ખુશાલભાઈ તીકુભાઈ દલસાણીયા ની જુબાની. |
| આંક–૧૪ | સાહેદ ત્રિભોવનભાઈ બેચરભાઈ રાઠોડ ની જુબાની. |
| આંક– ૨૧ | પંચ સાહેદ રમેશભાઈ અમૃતભાઈ વાણિયા ની જુબાની. |
| આંક–૨૫ | ત.ક. અધિકારી શ્રી નિર્મળાબેન લાલજીભાઈ સાખડ ની જુબાની. |

**દસ્તાવેજી પુરાવાઓ**

| | |
|---|---|
| આંક–૦૭ | એફ.આઈ.આર.ની ખરી નકલ. |
| આંક–૧૨ | અટક પંચનામાની ઝેરોક્ષ નકલ. |
| આંક–૧૯ | સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| આંક–૨૨ | હથીયાર કબજે કર્યા અંગેનું પંચનામું.(અટક મુદ્દામાલ) |
| આંક–૨૬ | હથીયાર બંધીનું જાહેરનામું. |

આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૫) ફરીયાદ પક્ષે **<u>આંક–૧૫</u>** થી કલોઝીગ પુરશીષ રજુ થયા બાદ ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા આ કામે કાયદા ના સંઘર્ષ માં આવનાર બાળક નુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ જવાબ આંક–૩ લગત લીધેલ છે.

(૬) આ કામમાં ફરિયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી મધુબેન ઝાલા તથા તરફે વિ. વ. શ્રી આઈ.કે.શેખ ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક આ કામના ફરિયાદીને આ કામના અન્ય પુખ્ત વયના આરોપીઓ સાથે અગાઉ થયેલ ઝઘડાનું મનદુઃખ રાખી બોલાચાલી કરી ભુંડી ગાળો આપી ફરિયાદીના જમણા હાથ પર પાઈપ વડે ઘા કરી ઈજા કરી ફરિયાદીના ઘરના દરવાજા પર લાકડીના ઘા મારી સ્વેચ્છા પુર્વક વ્યથા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી, ઈ.પી.કો.કલમ–

૩૨૩,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.
૧. નકારમાં.
૨. આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**મુદૃા નંબર : ૧**

(૯) ફરીયાદ પક્ષે ફરીયાદી લીલાબેન ત્રિભોવનભાઈ રાઠોડની આંક–૬ ની સરતપાસમાં જણાવે છે કે બનાવ એક વર્ષ અગાઉ તેમના ઘરે સાંજના છ થી સાત વાગ્યાના સમયે બનેલ અને બનાવ સમયે તેઓ તેમના ઘરે તેમના સાસુ, સસરા તથા દીકરા સાથે હતા ત્યારે "પીન્ટુ રણછોડભાઈ તેમજ ઉમેદભાઈ ડાયાભાઈ, રણછોડભાઈ ડાયાભાઈ, રણછોડભાઈ તળશીભાઈ વગેરેનાઓ હથીયારો લઈને તેમના ઘરે ઝઘડવા આવેલ તેમાં પીન્ટુના હાથમાં લાકડી હતી, ઉમેદ ડાયના હાથમાં પાઈપ હતો, રણછોડભાઈ ડાયાભાઈના હાથમાં ધારીયુ હતુ, તેઓ ગાળો બોલતા બોલતા હુમલો કરવા આવેલા અને અમારી ખડકીનો દરવાજો તોડી નાખેલ અને મને ઉમેદ ડાયાભાઈએ દરવાજો ખુલતા મે આડો હાથ રાખતા મને જમણા હાથની આંગળીમાં તેમજ માથાના ભાગે અને જમણી સાઈડે કાન પર ઈજા કરેલ અને દેકારો થતા આજુબાજુના માણસો આવી જતા તેમને છોડાવેલ." તેઓ ઘરમાં પુરાઈ ગયેલ ત્યારબાદ તેઓ ઘરે જતા રહેલા અને તેઓ પોલીસ સ્ટેશન ફરિયાદ દેવા ગયેલ અને તેઓ આંક–૭ થી રજુ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદીએ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અને તેના માતા–પિતા એક જ વિસ્તારમાં જુની ખારાવાડ, ધ્રાંગધ્રા ખાતે રહે છે. તેઓ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીને સારી રીતે ઓળખે છે. તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે આ બનાવ અગાઉ તેઓના દીયર ઘનશ્યામભાઈ બેચરભાઈ રાઠોડની પત્નીને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના મોટાભાઈ સાથે પ્રેમ સંબંધ હોય તે બાબતે ઝઘડો થયેલો હતો અને જણાવે છે કે તે ઝઘડામાં તેઓને સમાધાન થયેલ ન હતુ અને તેમના દીયરનું તેમના પત્ની સાથે છુટાછેડા થઈ ગયેલ. તેમજ તેઓ વધુમાં જણાવે છે કે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકત "પીન્ટુ રણછોડભાઈ તેમજ ઉમેદભાઈ ડાયાભાઈ, રણછોડભાઈ ડાયાભાઈ, રણછોડભાઈ તળશીભાઈ વગેરેનાઓ હથીયારો લઈને તેમના ઘરે ઝઘડવા આવેલ તેમાં પીન્ટુના હાથમાં લાકડી હતી, ઉમેદ ડાયના હાથમાં પાઈપ હતો, રણછોડભાઈ ડાયાભાઈના હાથમાં ધારીયુ હતુ, તેઓ ગાળો બોલતા બોલતા હુમલો કરવા આવેલા અને અમારી ખડકીનો દરવાજો તોડી નાખેલ અને મને ઉમેદ ડાયાભાઈએ દરવાજો ખુલતા મે આડો હાથ રાખતા મને જમણા હાથની આંગળીમાં તેમજ માથાના ભાગે અને જમણી સાઈડે કાન પર ઈજા કરેલ અને દેકારો થતા આજુબાજુના માણસો આવી જતા તેમને છોડાવેલ " તે તમામ હકીકત ખોટી જણાવેલ છે. તેઓ એમ પણ જણાવે છે કે તેઓને પીન્ટુના સાચા નામની ખબર નથી. કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે તેમને લાકડી મારેલ નથી કે ઈજા પહોંચાડેલ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે સાહેદ રાધિકાબેન ત્રિભોવનભાઈ રાઠોડ તેમની આંક–૮ ની સરતપાસમા જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એક વર્ષ પહેલાં સાંજના સમયે તેઓના ઘરે બનેલ. બનાવ સમયેપીન્ટુ

રણછોડભાઈ તેમજ ઉમેદભાઈ ડાયાભાઈ, રણછોડભાઈ ડાયાભાઈ, પંકજ તળશીભાઈ તેમના ઘરમાં બાજવા આવેલ અને રણછોડભાઈના હાથમાં ધારીયુ હતુ , પીન્ટુના હાથમાં લાકડી હતી , ઉમેદભાઈના હાથમાં લોખંડનો પાઈપ હતો. ઉમેદભાઈએ તેઓના મમ્મીને કાન પર લોખંડનો પાઈપ મારેલ જેમાં તેઓ વચ્ચે હાથ નાખતા તેમના જમણા હાથના પોંચામાં ઈજા થયેલ અને ત્યારબાદ બુમાબુમ થતા આજુબાજુ પાડોશી આવી ગયેલ અને ત્યારબાદ પોલીસ આવેલ અને બારણા વગેરેને નુકશાન થયેલ તેવુ લખાણ લખીને પોલીસ ચાલી ગયેલ.

આ સાહેદ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે તેમની માતાને કોઈ હથીયાર મારેલ તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે બનાવ સમયે ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થયેલુ.

(૧૧) ફરીયાદ પક્ષે પંચ સાહેદ ગણપતભાઈ જેઠાભાઈ સોલંકી તેમની આંક–૧૧ ની સરતપાસમા જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ અગાઉ તેઓ ધ્રાંગધ્રા મોચીવાડ ખાતે તેઓનો છકડો લઈને ઉભા હતા ત્યારે સાંજના છ એક વાગ્યે પોલીસ તેઓ પાસે આવેલ અને તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલ. તેઓ વધુમાં જણાવે છે કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય અને તેની શરીર સ્થીતીનું વર્ણન લખી કોઈ લાકડી કબજે કરેલ હોય તે મતલબનું પંચનામું તેઓની હાજરીમાં કરેલ હોય તેમ બનેલ નથી. તેઓ પંચનામાંની ઝેરોક્ષ નકલમાં પંચ નં.૧ તરીકે તેઓની સહીને ઓળખી બતાવેલ. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ સાહેદ સાહેદ સમર્થન કરતા ન હોય ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ.

(૧૨) ફરીયાદ પક્ષે પંચ સાહેદ ખુશાલભાઈ તીકુભાઈ દલસાણીયા તેમની આંક–૧૩ની સરતપાસમા જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ અગાઉ તેઓ ધ્રાંગધ્રા મોચીવાડ ખાતે તેઓનો રીક્ષા લઈને ઉભા હતા ત્યારે સાંજના સાડા છ એક વાગ્યે પોલીસ તેઓ પાસે આવેલ અને તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલ. તેઓ વધુમાં જણાવે છે કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય અને તેની શરીર સ્થીતીનું વર્ણન લખી કોઈ લાકડી કબજે કરેલ હોય તે મતલબનું પંચનામું તેઓની હાજરીમાં કરેલ હોય તેમ બનેલ નથી. તેઓ પંચનામાંની ઝેરોક્ષ નકલમાં પંચ નં.૨ તરીકે તેઓની સહીને ઓળખી બતાવેલ. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ સાહેદ સાહેદ સમર્થન કરતા ન હોય ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ.

(૧૩) ફરીયાદ પક્ષ સાહેદ ત્રિભોવનભાઈ બેચરભાઈ રાઠોડ તેમની આંક–૧૪ ની સરતપાસમા જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ અગાઉ તેઓના ઘરે સાંજના સમયે બનાવ બનેલો. બનાવ સમયે તેઓ રોડ પર હતા ત્યારે તેઓને જાણવા મળેલ કે તેઓના ઘરે ત્રણથી ચાર જણા જેમાં રણછોડભાઈ ડાયાભાઈ, અને અન્ય ત્રણના નામ તેઓને યાદ નથી તેઓ તેમના ઘરે આવેલ અને તેમના ઘરના બારણા ભાંગી નાખેલ અને હુમલો કરેલ પણ હુમલામાં કોઈને વાગેલુ નહીં ત્યારબાદ તેઓએ ફરીયાદ આપેલી.

(૧૪) ફરીયાદ પક્ષે પંચ સાહેદ રમેશભાઈ અમૃતભાઈ વાણિયા તેમની આંક–૨૧ ની સરતપાસમા જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ અગાઉ પોલીસે તેઓને ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ અને તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલ. તેઓ વધુમાં જણાવે છે કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય અને તેની શરીર સ્થીતીનું વર્ણન લખી કોઈ લાકડી કબજે કરેલ હોય તે મતલબનું પંચનામું તેઓની હાજરીમાં કરેલ હોય તેમ બનેલ નથી. તેઓ પંચનામાંની ઝેરોક્ષ નકલમાં પંચ નં.૧ તરીકે તેઓની સહીને ઓળખી બતાવેલ. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ સાહેદ સાહેદ સમર્થન કરતા ન હોય ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ.

(૧૫) ફરીયાદ પક્ષે ત.ક. અધિકારી શ્રી નિર્મળાબેન લાલજીભાઈ સાખડ તેઓની આંક–૨૫ ની સરતપાસમાં જણાવે છે કે તા.૦૭/૦૭/૨૦૧૬ ના રોજ તેઓ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટેશન ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ.શ્રી પી.વી.ઝાલા દવારા તેમને આ ગુનાની તપાસ સોંપેલ અને તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ અને તપાસના કામે બનાવવાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામું કરેલ અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને અટક કરી આ કામે પુરતો પુરાવો મેળવી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વીરૂધ્ધ ચાર્જશીટ કરેલ.

કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તરફેની ઉલટ તપાસમાં ત.ક.અધિકારી શ્રી જણાવે છે કે એ વાત ખરી છે કે આ કામે તેઓએ ફરીયાદીના સગા–વ્હાલના તથા સંબંધીઓના નીવેદનો લીધેલ. પરંતુ કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નહી.

(૧૬) ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરના પુરાવાની વિ.વશ્રીઓની દલીલ સાથે સૌ પ્રથમ હાલના કામે કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકે અન્ય પુખ્ત વય ના આરોપીઓ સાથે મદદગારીમાં હથીયાર વડે સાહેદને સ્વૈચ્છાપુર્વક વ્યથાઓ પહોંચાડી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, તથા જી.પી.એ.ક.૧૩૫ સાથે વાંચતા કલમ–૧૧૪ નો ગુન્હો કર્યાનો આક્ષેપ છે તે બાબતે ચર્ચા કરવામાં આવે તો બચાવ પક્ષ ની સંમતી થી સ્થાનીક જગ્યા ના પંચનામાની ઝેરોક્ષ નકલ આંક–૧૯, અટક પંચનામાની ઝેરોક્ષ નકલ આંક–૧૨ તથા હથીયાર કબજે કર્યા અંગેનું પંચનામું આંક–૨૨ અન્વયે રજુ થયેલ છે.

પરંતુ, આ દસ્તાવેજી પુરાવા સાથે મૌખિક પુરાવો ધ્યાને લેતા તેના આધારે પણ કાયદા સાથે સંઘર્ષ માં આવેલ બાળક ને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી અને સદર દસ્તાવેજી પુરાવાનો સ્વિકાર કરવામાં આવે તો પણ વધુમાં વધુ બનાવવાળી જગ્યા એ બનાવ બનેલાનું, હથિયાર કબજે કરેલાનું અને બનાવમાં સાહેદને ઈજાઓ થયેલ હોવાનું માની શકાય તેમ છે પરંતુ, ખરેખર શું બનાવ બનેલો ? અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે શું ભાગ ભજવેલ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી ત્યારે સદર દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ ના કેસને મદદરુપ નથી. આ કામના ફરિયાદી તથા સાહેદ નાં કહેવા મુજબ માત્ર બનાવ વખતે સામાન્ય બોલાચાલી અને ઝઘડો થતા સાહેદને ઈજા થયેલાની હકીકત ફલીત થાય છે અને સાહેદો કાયદાનાં સંઘર્ષ માં આવેલ બાળકે કોઈને માર મારેલ હોય તેવી હકીકત જણાવતા નથી. વધુમાં, હાલનાં કામે ઈજા પામનાર સાહેદનો પુરાવો અગત્યનો અને મહત્વનો છે, પરંતુ આ કેસમાં ઈજા પામનાર સાહેદે ફરીયાદ હકીકતોને સમર્થન કરેલ નથી અને કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકે કોઈને ઈજા કરેલાની હકીકત જણાવતા નથી તે સંજોગોમાં બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થતા સાહેદને ઈજાઓ થયેલાનું જણાઈ આવે છે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. આમ આ કામના કાયદા સંઘર્ષમાં આવેલ બાળકે અન્ય પુખ્ત આરોપીઓ સાથે એકબીજાની મદદગારી કરી સાહેદને માર મારેલ હોય કે હથીયાર વડે સ્વૈચ્છાપુર્વક વ્યથાઓ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થતી નથી ત્યારે આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકને તેની સામેના ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, તથા જી.પી.એ.ક.૧૩૫ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ ના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૭) ઈ. પી. કો. કલમ–૫૦૪ બાબતે ફરિયાદ પક્ષ ના કેસની હકીકત ને ધ્યાનમાં લેવામાં આવે તો ફરિયાદ હકીકત મુજબ આ કામના કાયદાના સંઘર્ષ માં આવનાર બાળકે ફરિયાદી તથા સાહેદને ગાળો બોલેલાની હકીકત જણાવેલ છે. પરંતુ, સદર બાબતે ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો તેમને ગાળો કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે આપેલાની કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સમગ્ર રેકર્ડ જોતાં બનાવ સમયે કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકે ફરીયાદી તથા સાહેદને ગાળો આપેલાની હકીકત જણાઈ આવતી નથી જેથી કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકને ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબના ગુના માટે પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તે જ રીતે,ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) બાબતે ફરિયાદ પક્ષના કેસની હકીકતને ધ્યાનમાં લેવામાં આવે તો ફરિયાદ હકીકત મુજબ, કાયદાના સંઘર્ષ માં આવનાર બાળક સામે ફરીયાદી તથા સાહેદ ને જાન થી

મારી નાખવાની ધમકી આપવાનો ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનો આક્ષેપ છે તે બાબતે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદી એ પોતાની ફરીયાદ માં તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલાની હકીકત જણાવેલ છે, પરંતુ પોતાની સોગંદ ઉપર ની જુબાની માં તેવી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ અન્ય સાહેદે પણ સોગંદ પરની જુબાની માં કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકે આવી ધમકી આપ્યાની હકીકત જણાવેલ નથી. જેથી હાલના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો પણ પુરવાર થયેલ હોવાનું ફલિત થતુ નથી.

(૧૮) ઈ. પી. કો. કલમ–૪૨૭ બાબતે ફરિયાદ પક્ષ ના કેસની હકીકત ને ધ્યાનમાં લેવામાં આવે તો ફરિયાદ હકીકત મુજબ ફરિયાદીના ઘરના દરવાજાને લાકડાના ધોકા વડે ફટકો મારતા દરવાજાને નુકશાન કર્યાનું ફરિયાદની હકીકત પરથી જણાય છે. પરંતુ આ સંદર્ભે તમામ સાહેદોની સોંગધ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો સમગ્રપણે પણ તેવુ ફલિત થતુ નથી કે આવુ નુકશાન કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે કરેલ હોય તે સંજોગોમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને સદર ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૯) જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે ચર્ચા કરવામાં આવે તો સદર કામે જાહેરનામાની નકલ આંક–૨૬ થી રજુ છે તે જોવામાં આવે તો તેમાં તારીખ ૦૨–૦૭–૧૬ થી તારીખ ૧૫–૦૭–૧૬ સુધી (બન્ને તારીખો સહિત) અમલમાં રહે તે રીતનું હથીયાર રાખવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું છે પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદ ના પુરાવા પરથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક પાસે હથીયાર હોવાની હકિકત ને શંકારહિત સમર્થન મળેલ નથી ત્યારે બનાવ સમયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક પાસે હથીયાર હતા તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને સદર ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૦) આમ, ઉપરોકત પેરામાં કરેલ ચર્ચા મુજબ બનાવ સમયે, સ્થળે અને વિગતે કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકે અન્ય પુખ્ત વયના આરોપીઓ સાથે મળી ફરીયાદી તથા સાહેદને હથીયારો વડે મારી સ્વૈચ્છાપુર્વક વ્યથાઓ પહોંચાડેલ હોય કે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી. આમ આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લેતા ફરિયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

(૧) આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક પ્રિન્સ ઉર્ફે પીન્ટુ રણછોડભાઈ રાઠોડ રહે. ધ્રાંગધ્રા, જુની ખારાવાડ, હરીપર રોડ,ધ્રાંગધ્રા, તા.ધ્રાંગધ્રા, જી.સુરેદ્રનગરનાંઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોકલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, તથા ૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક) અન્વયે આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકના ખત તથા જામીનખત ૬–માસ બાદ રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીએ અપીલ સમય સુધીના નવા જામીન રજુ કરવા.

**વિશેષ નોંધ :–** જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૨૪ મુજબ જુવેનાઈલ વિરૂધ્ધની હાલની દોષ સાથે સંકળાયેલ ગેરલાયકાત અને રેકર્ડ ઓફ કનવીકશન દુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં જુવેનાઈલના ઉજવળ ભવિષ્યમાં હાલના દોષ તથા હુકમની કોઈ વિરૂધ્ધ નોંધ કે વિપરીત અસર જુવેનાઈલ વિરૂધ્ધમાં લાગુ પડશે નહી.

હુકમ આજ રોજ તા. 17 માહે ન્વેમ્બર સને 2018 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ 17/11/2018
સુરેન્દ્રનગર.

(બી. એચ ભટ્ટ)
પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,
જી.જે.–૦૧૫૨૨
સુરેન્દ્રનગર

સહી/–
સભ્યશ્રી,
(઼ શ્રી સુમનકુમાર બી. પુજારા)
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,
સુરેન્દ્રનગર

સહી/–
સભ્યશ્રી,
(સુ શ્રી જીજ્ઞાબેન એચ. પંડયા)
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,
સુરેન્દ્રનગર